# ગુજરાત યુનિવર્સિટી

ટેન્ડર ફી : રૂ. ૧૦૦૦/-

ભાવપત્રક મારી રૂબરૂમાં ખોલ્યું

વિકાસ અધિકારી

તા. - - ૨૦૧૭

## યુનિવર્સિટી કાર્યાલયમાં એક વર્ષ સુધી કેન્ટીન કોન્ટ્રાક્ટ માટેનું ભાવપત્રક

૧) ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૦૪-૦૩-૨૦૧૭ ના રોજ બપોરના ૨-૦૦ કલાક સુધી.

૨) ભાવપત્રક ખોલવાની તા. ૦૬-૦૩-૨૦૧૭ના રોજ બપોરે ૩-૦૦ કલાકે

૩) સમયસર્યાદા ટેન્ડર મંજૂર થયા તારીખથી એક વર્ષ સુધી જ આ કોન્ટ્રાક્ટ ચાલુ રહેશે.

૪) અર્નેસ્ટ મની આ ભાવપત્રક જમા કરાવતી વખતે ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા પે ઓર્ડર દ્વારા જમા કરાવવાના રહેશે.

૫) સીક્યોરીટી આ સાથેના નિયમ-૧૨ મુજબ ભાવપત્રક મંજૂર થયે કુલ ડિપોઝીટ રૂ. ૧,૦૦,૦૦૦/- યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ ડિપોઝીટ કોન્ટ્રાક્ટની મુદત પૂરી થયા બાદ બાકી રહેલ ભાડું, ટેક્ષ, લાઈટ અન્ય નુકશાન વગેરે જે રકમ બાકી હોય તે તથા થયેલ નુકશાન બાદ કરીને પરત આપવામાં આવશે. જેમાં અર્નેસ્ટ મની રૂ. ૫,૦૦૦/- નો સમાવેશ થાય છે.

ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા પે ઓર્ડર **"રજિસ્ટાર, ગુજરાત યુનિવર્સિટી"**, ના નામથી આપવો.

## કોન્ટ્રાક્ટ માટેની ઓફર

આથી હું ........................................................ ગુજરાત યુનિવર્સિટી કેન્ટીન ચલાવવા માટેનો એક વર્ષનો કોન્ટ્રાક્ટ આ સાથેના ટેન્ડર શરતોને આધીન ચલાવવા લેખિત બાંહેધરી આપું છું.

ટેન્ડર ફોર્મના તમામ નિયમો મેં વાંચ્યા છે, અને બરાબર સમજ્યો છું તથા વધુમાં યુનિવર્સિટી જે તે સમયે જે કાંઈ નિયમો અમલમાં મુકશે અથવા નિયમોમાં ફેરફાર કરશે તેનું પાલન કરવા પણ હું બંધાયેલો છું.

...............................

કોન્ટ્રાક્ટરની સહી / સિક્કો

કોન્ટ્રાક્ટરનું નામ : ...................

સરનામું : ...................

...................

...................

તા. - - ૨૦૧૭

ટેલિફોન: ઓફિસ ઘર મોબાઈલ E-mail Address

આ અંગેના નીચેના નિયમો કોન્ટ્રાક્ટર ને બંધનકર્તા રહેશે

૧) આ કોન્ટ્રાક્ટ ટેન્ડર મંજૂર થયા તારીખથી એક વર્ષનો છે, તેમ છતાં યુનિ. ને કોન્ટ્રાક્ટરનું કામ સંતોષકારક ન લાગે તો કોઈપણ કારણ આપ્યા સિવાય ૧૫ દિવસની નોટિસ આપીને કોન્ટ્રાક્ટ રદ કરી શકાશે. અથવા સંતોષકારક લાગશે તો યુનિ. ને યોગ્ય લાગશે તેટલો વધુ સમય માટે લંબેવી શકશે.

૨) કેન્ટીન કોન્ટ્રાક્ટરે દરેક અંગ્રેજી માસની પાંચમી તારીખ સુધીમાં યુનિ. માં નીચે પ્રમાણે રકમ આપવાની રહેશે.

| | |
|---|---|
| ૧. ભાડું | : રૂ. ૧/- |
| ૨. મકાન ઘસારા ખાતે | : રૂ. ૨,૦૦૦/- |
| ૩. ફર્નિચર ઘસારા ખાતે | : રૂ. ૨,૦૦૦/- |
| ૪. પાણી ચાર્જ ખાતે | : રૂ. ૧,૦૦૦/- |
| ૫. મ્યુનિસિપલ ટેક્ષ ખાતે | : રૂ. ૧,૫૦૦/- |

૬. ઈલેક્ટ્રીક સાધનો જેવા કે કૂલર, બોટલ કૂલર અન્ય ઈલેક્ટ્રીક સાધનો માટે ઈલેક્ટ્રીક વપરાશના મીટર પ્રમાણે કોન્ટ્રાક્ટરે રકમ ભરપાઈ કરવાની રહેશે. તમામ ટેક્સ કોન્ટ્રાક્ટરે ચુકવવાનો રહેશે. જે યુનિ. એ લેવાની કોઈ રકમમાંથી બાદ મળશે નહીં.

ઉપરની આઈટમો પૈકી અનુક્રમ નં. ૫ મ્યુનિસિપલ ટેક્ષ જે આવશે તેની વધઘટ આપવા તથા લેવાની રહેશે.

જો પેમેન્ટ સમયસર નહીં કરવામાં આવે તો તેજ માસની ૧૦ (દસ) તારીખથી કેન્ટીન બંધ કરાવી શકાશે.

૩) આ મકાનનો મ્યુનિ. કોર્પોરેશનના બધાજ ટેક્ષની શિક્ષણકર સહિત જે તે સમયે જ હોય તેની ચુકવણીની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. જેમ કે જનરલ ટેક્ષ, શિક્ષણ વેરો, હલાલખોર ટેક્ષ , સર્વિસ ટેક્ષ વિગેરે.

૪) કેન્ટીન કોન્ટ્રાક્ટરે વાસણો તથા ક્રોકરી વિગેરે લાવવાના રહેશે. કોન્ટ્રાક્ટરે બને તેટલા વાસણો સ્ટેનલેસ સ્ટીલના વાપરવાના રહેશે અને ભઠ્ઠા માટે ધુમાડો ન થાય તે જાતનો સારો કોલસો વાપરવાનો રહેશે અને ભઠ્ઠા જાતે લાવવાના રહેશે.

૫) કોન્ટ્રાક્ટરે યુનિ.ના મકાનને કોઈપણ જાતનું નુકશાન થાય તો તે ભરપાઈ કરવાનું રહેશે. થયેલ નુકશાનની કિંમત કુલપતિશ્રી જે ઠરાવે તે રકમ કોન્ટ્રાક્ટરે ભરપાઈ કરી આપવાની રહેશે. બધો સામાન કેન્ટીનના ઓરડામાં જ રાખવાનો રહેશે અને રાતના કોઈપણ માણસને કેન્ટીનમાં રહેવા દેવામાં આવશે નહી.

૬) કેન્ટીનનો ઉપયોગ યુનિ. કાર્યાલય અને તેનાં સંકળાયેલ સંસ્થાઓમાંથી આવતા માણસો માટે જ કરવાનો રહેશે. અને કેન્ટીન ઓફિસના સમય દરમિયાન ખુલી રાખવાની રહેશે. રજાના દિવસે બંધ રાખવાની રહેશે. ખાસ સંજોગોમાં લેખિત અરજી કરી મંજૂરી મળે તોજ ચાલુ અથવા બંધ રાખી શકશે. યુનિ. સૂચના આપે તે દિવસે અને તે સમય દરમિયાન કેન્ટીન ચાલુ રાખવાની રહેશે. કેન્ટીનમાં વ્યાજબી કારણો સિવાય એકની એક વ્યક્તિ વ્યક્તિઓની લાંબા સમયની બેઠક ચલાવી લેવાશે નહી.

૭) કેન્ટીનમાં કઈ કઈ વસ્તુઓ વેચવી તથા તેની કિંમત કેટલી લેવી તેનું સુચિત (મેનુ) આ સાથે સામેલ છે. જેમાં દર્શાવેલ દરેક ચીજવસ્તુ તેના જે તે યોગ્ય નક્કી કરેલ જથ્થામાં અને નક્કી કરેલ ગુણવત્તામાં ઓફિસના પુરા સમય દરમિયાન દરેક ગ્રાહકને મળી રહે તેમ પ્રબંધ રાખવાનો રહેશે. આ અંગેની ક્વોલિટી, જથ્થો, માપ વગેરે અંગે યુનિવર્સિટીના અધિકારીઓ તેની ગમે ત્યારે તપાસ લઈ શકશે. અને ક્ષતિઓ જણાશે તો યુનિ. કોન્ટ્રાક્ટ રદ કરવા સુધીના પગલાં લઈ શકશે.

૮) કેન્ટીનનું મકાન જેમાં દરેક ઓરડા, રસાડું, ટોયલેટ, રૂમ, સ્ટોર્સ રૂમનો સમાવેશ થાય છે તે મુજબ સ્વચ્છ રાખવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે, તેમજ આજુબાજુ કોઈપણ જાતની ગંદકી કરશે તો તે માટે કુલપતિશ્રીને યોગ્ય લાગશે તે દંડ કરશે અને કોન્ટ્રાક્ટરની સામે શિક્ષાત્મક પગલાં લઈ શકશે.

૯) કેન્ટીન માટે નોકરોને ગણવેશ કોન્ટ્રાક્ટરે આપવાનો રહેશે, જેમાં ખાખી પેન્ટ તથા બુશશર્ટ આપવાનો રહેશે, ગણવેશ સિવાયના નોકરો લેવાશે તો યુનિવર્સિટી ને યોગ્ય લાગે તે પગલાં લેશે તે કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.

૧૦) ગુજરાત સરકારના નિયમ પ્રમાણે કેન્ટીનમાં રાખવામાં આવતા નોકરોમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિનું પ્રમાણ દશ ટકા અવશ્ય રાખવાનું રહેશે. આ પાલન નહી થાય તો કોન્ટ્રાક્ટ રદ થવા પાત્ર ગણાશે.

૧૧) કોન્ટ્રાક્ટરને મંજૂરી મળ્યેથી વધુમાં વધુ ૧૫ દિવસમાં કેન્ટીન શ રૂ કરવાની રહેશે.

૧૨) કોન્ટ્રાક્ટરે રૂ.૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ પુરા) ડિપોઝીટની કુલ રકમ આપવાની રહેશે. જેમાંથી યુનિ. કોઈપણ જાતનું નુકશાન તથા બાકી ભાડું અથવા દંડ વસુલ કરી શકશે.

૧૩) ટેન્ડર સાથે કેન્ટીનના અનુભવની વિગતો (સર્ટિફિકેટો સાથે) રાખવા આવશ્યક છે. સર્ટિફિકેટની નકલ જ બિડાણ કરવી જે પરત મળી શકશે નહી.

૧૪) આ કેન્ટીનનું નામ ગુજરાત યુનિવર્સિટી કેન્ટીન રહેશે.

૧૫) કેન્ટીન અંગેના તમામ નિયમો અને હવે પછી યુનિ. તરફથી અવારનવાર થતા નિયમોના ફેરફાર કેન્ટીન કોન્ટ્રાક્ટરને બંધનકર્તા રહેશે.

૧૬) જો ભાગીદાર હોય તો તેઓનું નામ તથા હિસ્સો કેટલો છે તે દર્શાવવો.

૧૭) વોટરકુલર પોતાનું લાવવાનું રહેશે. તથા ઈલેક્ટ્રીક ચાર્જ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે.

૧૮) કોન્ટ્રાકટર નક્કી થયેલ ભાવો દર્શાવતું મોટું બોર્ડ પેઈન્ટ કરાવીને કેન્ટીનમાં દેખાય તે રીતે મુકવાનું રહેશે. ઉપરોક્ત બોર્ડ સિવાયના અન્ય બોર્ડ મુકી શકાશે નહીં. તેમજ પોસ્ટર ચોટાડી શકાશે નહી. મકાનની શોભા બગડે એવું કોઈપણ કરી શકેશે નહીં.

૧૯) કોન્ટ્રાકટરના સમય દરમિયાન કોઈપણ વસ્તુઓના ભાવ વધારો આપવામાં આવશે નહી.

૨૦) મકાનનો કબજો પરત સોંપતી વખતે મકાન તથા ફર્નિચર, ફીટીંગ વગેરે દરેક વસ્તુઓ જડેલ અથવા છૂટી હતી, તેમ પરત આપવાની રહેશે.

૨૧) આઈટમ નં. ૧ થી ૪ આખો દિવસ તથા આઈટમ નં.૫ થી ૨૦ માંથી ગમે તે ૯ આઈટમ આખો દિવસ કેન્ટીન ચાલુ હોય તેટલો સમય હાજર સ્ટોકમાં ગ્રાહકોને મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. તેનો ભંગ થશે તો કડક પગલાં ભરવામાં આવશે.

૨૨) તેલ, ઘી, મરી-મસાલા વગેરે આઈટમ ઉચ્ચ ગુણવત્તાવાળા વાપરવા.

૨૩) રીસેસના સમય દરમિયાન યુનિવર્સિટીના કેન્ટીનના ઉપયોગમાં યુનિ. સ્ટાફના સભ્યોને પ્રાથમિકતા આપવાની રહ્શે.

૨૪) કેન્ટીન કોન્ટ્રાકટરની કોઈપણ શરત અંગે કે અન્ય બાબતો અંગે કોઈ વાદવિવાદ ઉભો થાય અને લવાદ નિમવાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે કુલપતિશ્રી લવાદ રહેશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

ઉપરોક્ત નિયમોનું પાલન કરવાની લેખિત બાંહેધરી આપું છું.

-----------------------------------------

કોન્ટ્રાક્ટરની સહી / સિક્કો

કોન્ટ્રાક્ટરનું નામ : ...................

સરનામું : ...................

.......................

...................

તા. - - ૨૦૧૭

ટેલિફોનઃ ઓફિસ ઘર મોબાઈલ E-mail Address

# કેન્ટીન કોન્ટ્રાકટરના ભાવો

| ક્રમ | વિગત | માપ અને જથ્થો | યુનિ. ના સ્ટાફના સભ્યો માટે | | બહારની વ્યક્તિઓ માટે | |
|---|---|---|---|---|---|---|
| | | | યુનિ.નો સુચિત ભાવ | કોન્ટ્રાકટરના ભાવો | યુનિ.નો સુચિત ભાવ | કોન્ટ્રાકટરના ભાવો |
| ગરમ પીણાં | | | | | | |
| ૧. | ચ્હા એક કપ | ૧૨૦ મીલી | ૪-૦૦ | | ૫-૦૦ | |
| ૨. | ચ્હા અર્ધી | ૬૦ મીલી | ૩-૦૦ | | ૪-૦૦ | |
| ૩. | નેસ કોફી | ૧૨૦ મીલી | ૫-૦૦ | | ૬-૦૦ | |
| ૪. | નેસ કોફી અર્ધી | ૬૦ મીલી | | | | |
| ગરમ નાસ્તો | | | | | | |
| ૫. | કટલેશ નંગ-૨ (ચટણી સાથે) | ૧૦૦ ગ્રામ | ૬-૦૦ | | ૭-૦૦ | |
| ૬. | પેટીશ નંગ-૨ (ચટણી સાથે) | ૧૦૦ ગ્રામ | ૬-૦૦ | | ૭-૦૦ | |
| ૭. | સમોસા નંગ-૨ (ચટણી સાથે) | ૧૦૦ ગ્રામ | ૬-૦૦ | | ૭-૦૦ | |
| ૮. | ઈડલી (સંભાર ચટણી સાથે) | નંગ - ૨ | ૫-૦૦ | | ૬-૦૦ | |
| ૯. | બટાકાવડા નંગ-૨ (ચટણી સાથે) | ૧૦૦ ગ્રામ | ૬-૦૦ | | ૭-૦૦ | |
| ૧૦. | ગોટા મેથીના (ચટણી સાથે) | ૪૦ ગ્રામ | ૪-૦૦ | | ૪-૫૦ | |
| ૧૧. | પૌંઆનો ચેવડો | ૪૦ ગ્રામ | ૪-૦૦ | | ૪-૫૦ | |
| ૧૨. | ગાંઠીયા (ચટણી, મરચાની સાથે) | ૪૦ ગ્રામ | ૪-૦૦ | | ૫-૦૦ | |
| ૧૩. | પાપડી | ૪૦ ગ્રામ | ૪-૦૦ | | ૫-૦૦ | |
| ૧૪. | ફાફડા | ૪૦ ગ્રામ | ૪-૦૦ | | ૫-૦૦ | |
| ૧૫. | ફુલવડી | ૪૦ ગ્રામ | ૪-૦૦ | | ૫-૦૦ | |
| ૧૬. | ભટાકાપૌંઆ | ૪૦ ગ્રામ | ૪-૦૦ | | ૫-૦૦ | |
| મદ્રાસી વાનગી | | | | | | |
| ૧૭. | સાદા ઢોંસા સંભાર સાથે | બજારમાં મળતાં સ્ટાન્ડર્ડ સાઈઝ | ૮-૦૦ | | ૧૦-૦૦ | |
| ૧૮. | મસાલા ઢોંસા સંભાર સાથે | બજારમાં મળતાં સ્ટાન્ડર્ડ સાઈઝ | ૧૦-૦૦ | | ૧૨-૦૦ | |
| ૧૯. | ચણાપુરી | પુરી ૧૦૦ ગ્રામ ચણા ૧૨૫ ગ્રામ | ૧૦-૦૦ | | ૧૨-૦૦ | |
| ૨૦. | પુરી શાક | ---ઉપર મુજબ-- | ૧૦-૦૦ | | ૧૨-૦૦ | |
| અન્ય | | | | | | |
| ૨૧. | સેન્ડવીચ બે સ્લાઈસ | | બજાર ભાવ | | બજાર ભાવ | |
| ૨૨. | ખારી બિસ્કીટ | ૫૦ ગ્રામ | | | | |
| ૨૩. | ક્રીમ રોલ | નંગ -૧ | | | | |
| ૨૪. | બિસ્કીટ | ૧ – પેકેટ | | | | |
| ૨૫. | આઈસક્રીમ | ૧ – પેકેટ | | | | |
| ૨૬. | ક્રેકજેક | ૧ – પેકેટ | | | | |
| ૨૭. | મોનેકો | ૧ – પેકેટ | | | | |

નોંધઃ (૧) ચ્હા, કોફી વગેરે પીણાં માટે ત્રણ ફેટનું દૂધ વાપરવાનું રહેશે. ૧ લીટર દૂધમાંથી વધુમાં વધુ ૧૨ કપ પીણાં બનાવવાનો રહેશે.

(૨) એકસ્ટ્રા સંભાર તથા ચટણી માટે રૂ. .......

કોન્ટ્રાકટરની સહી અને સિક્કો : ..................................